ખાતાકીય ખરીદ સમિતિઓની રચના
અને સત્તા સુપ્રતિ બાબત.

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસપીઆો-૧૦૨૦૦૨-યુ.ઓ.આર.-૨૪-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૮-૧-૨૦૦૩

**વંચાણમાં લીધાઃ-**

૧. આરોગ્ય અને ઉદ્યોગ વિભાગનો સ.ઠરાવઃ એસપીઓ-૧૦૬૪-૩૨૯-જી૧, તા. ૫.૬.૬૪
૨. ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગનો સ.ઠરાવ ક્રઃ એસપીઓ-૧૧૭૯-૯૯૦૯-ચ, તા. ૨૨.૧૨.૭૯
૩. ઉદ્યોગ અને ખાણ વિભાગનો સ.ઠરાવ ક્રઃ એસપીઓ-૧૦૯૫-૨૬૩૬-૯૭-ચ, તા. ૨૩.૯.૯૭
૪. ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રઃ એસપીઓ-૧૦૯૭-૯૪૭-ચ, તા. ૨૨.૧૨.૧૯૯૭.
૫. ડૉ. પી.કે.દાસ કમિટિના અહેવાલની ભલામણ ક્રઃ ૫.૧.૨
૬. ઉદ્યોગ કમિશ્નરશ્રીનો પત્ર ક્રઃ સખ-૨૮૧-૩૭૯૨, તા. ૨.૫.૨૦૦૧
૭. ઉદ્યોગ કમિશ્નરશ્રીનો પત્ર ક્રઃ સખ-સકન-ખ.નીતિ-૮૮૮૫, તા. ૨૩.૧૦.૨૦૦૧.
૮. ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રઃ એસપીઓ-૧૭-૨૦૦૨-યુઓઆર-૧૩૫-ચ, તા. ૩.૪.૨૦૦૨

**આમુખ :-**

રાજ્ય સરકારના વહીવટી વિભાગો, ખાતાના વડાઓની કચેરીઓ, જિલ્લા કચેરીઓ તેમજ બોર્ડ અને કોર્પોરેશનોમાં તેમની રોજબરોજની આવશ્યક ચીજ વસ્તુઓની ખરીદી આ વિભાગે નક્કી કરેલી ખરીદનીતિ / પ્રક્રિયા અનુસાર કરવામાં આવે છે. આવી સરકારી ખરીદી સંદર્ભમાં હાલમાં જુદા જુદા પ્રકારની ખરીદ પ્રક્રિયા અપનાવવામાં આવે છે. જેવી કે, સ્થાનિક ખરીદી, વિભાગીય ખરીદ સમિતિ મારફત થતી ખરીદી, સી.એસ.પી.ઓ. મારફત સામાન્ય અને ઇમરજન્સી ધોરણે ખરીદી, બ્રાન્ડેડ આઇટમની ખરીદી અને ડી.જી.એસ. એન્ડ ડી. / સી.એસ.પી.ઓ. ના ભાવકરાર સામે થતી ખરીદી. આ વિવિધ પ્રકારની ખરીદી જે તે સમિતિ, કચેરી, ખાતાના વડાને પ્રાપ્ત થતી નાણાંકીય સત્તાઓ લક્ષમાં લઇને કરવામાં આવતી હોય છે. અગાઉની સરખામણીમાં સરકારી કચેરીઓના વિસ્તૃતિકરણને કારણે વિભાગીય ખરીદ સમિતિઓની સંખ્યામાં પણ વધારો થયેલ છે અને સી.એસ.પી.ઓ.ની કામગીરી પણ વધી છે. સાથેસાથે, ખરીદીમાં માલ સામાન મળવામાં વિલંબ થવાની રજૂઆતો પણ થતી જોવા મળે છે. ડૉ. પી.કે.દાસ કમિટિના અહેવાલમાં સી.એસ.પી.ઓ. મારફત થતી કેન્દ્રીકૃત ખરીદી અને ખરીદીને લગતી બાબતો સંદર્ભમાં ઘણા સૂચનો કરવામાં આવેલ છે. જે પૈકી કેન્દ્રીકૃત ખરીદીને બદલે વિભાગીય ખરીદ સમિતિઓની રચના કરીને ખરીદી કરવા માટેની ભલામણ થયેલ છે. આ ઉપરાંત, સી.એસ.પી.ઓ.એ ખ્યાતનામ ઉત્પાદકો, સપ્લાયરોની યાદી તૈયાર કરવી અને જુદી જુદી આઇટમોની ખરીદી અંગે એક્ષપર્ટ સંસ્થા તરીકે કામગીરી બજાવવી, ટેન્ડર એવોર્ડને લગતી માહિતી એકઠી કરી ખરીદ સમિતિઓને માર્ગદર્શન પૂરુ પાડવાની કામગીરી કરવા માટે ભલામણ થયેલ છે. આ સંદર્ભમાં ઉદ્યોગ કમિશ્નરશ્રી તરફથી મળેલ

—— ૨.

દરખાસ્ત વિચારણામાં હતી. આ વિભાગના તા. ૫.૬.૧૯૬૪, તા. ૧૨.૧૨.૧૯૭૯ અને તા. ૨૦.૪.૧૯૮૨ ના ઠરાવ અનુસાર સચિવોની ખરીદ સમિતિની મંજુરીની આવશ્યકતા ધરાવતી ખરીદી અંગે સ્પષ્ટતા થયેલી છે. સચિવોની ખરીદ સમિતિને મંજુરી માટે મુકવી આવશ્યક ન હોય તેવી બાબતો વિભાગીય ખરીદ સમિતિ મારફતે અથવા અન્ય પ્રકારની ખરીદી પ્રક્રિયા અપનાવીને કરવામાં આવે છે. હાલમાં, ખાતાના વડા અને સચિવાલયના વિભાગોની મળીને કુલ : ૨૦ જેટલી વિભાગીય ખરીદ સમિતિઓ અસ્તિત્વમાં છે. આવી સમિતિઓનું બંધારણ (સેટ અપ) તેની નાણાંકીય સત્તા વિગેરે અંગે એકરુપતા હોવી જરુરી છે તેમ પણ જણાયેલ છે. ઉદ્યોગ કમિશ્નર કચેરીની દરખાસ્ત અનુસાર આવી સમિતિમાં સી.એસ.પી.ઓ. ના પ્રતિનિધિત્વ સંદર્ભમાં અને માલસામાનના સ્પેસીફિકેશન, રેટ કોન્ટ્રાકટ સંબંધે પણ સુધારા સૂચવવામાં આવ્યા છે. આવી કેટલીક બાબતોમાં કોઇ સ્પષ્ટ સૂચનાઓ ન હોવાથી તે અંગે પણ સ્પષ્ટતા થાય તે જરુરી છે. આ બધી બાબતો અંગે કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે પ્રમાણે નિર્ણય લેવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

(૧) દરેક વહીવટી વિભાગ હેઠળ તેના વહીવટી નિયંત્રણ હેઠળના બધા જ ખાતાના વડાઓની અલગ અલગ ખાતાકીય ખરીદ સમિતિ ( ડી.પી.સી. ) ની રચના કરવી. આ ખરીદ સમિતિ વાર્ષિક રૂ. ૩૦/- લાખ સુધીની ખરીદી કરી શકશે. સમિતિમાં જે તે ખાતાના વડા ઉપરાંત, સંબંધિત વહીવટી વિભાગના નાયબ સચિવ કક્ષાથી નીચેના નહીં તેવા અધિકારી, સંબંધિત ખાતાના વડાની કચેરીના સિનિયર હિસાબી અધિકારી તેમજ મધ્યસ્થ સરંજામ ખરીદી તંત્ર ( સી.એસ.પી.ઓ. ) ના વર્ગ- ૧ થી નીચેના નહીં તેવા અધિકારી સમિતિના સભ્ય તરીકે અને સંબંધિત ખાતાના વડાની કચેરીના વર્ગ-૧ થી નિમ્ન કક્ષાના નહીં તેવા અધિકારી સમિતિના સભ્ય સચિવ તરીકેની કામગીરી સંભાળશે અને આ હુકમ નીચે પાત્ર થતા ખાતાના વડાઓ આવી કમિટિ બનાવ્યા પછી જ ખરીદીને પાત્ર બનશે.

ઉપરાંત, આ સમિતિને સોલીટરી ઓફર અને રીપીટ ઓર્ડર અંગે રૂ. ૫/- લાખ સુધીની સત્તા આપવામાં આવે છે.

(૨) રૂ. ૩૦/- લાખથી રૂ. ૧૦૦/- લાખ (૧ કરોડ) સુધીની પ્રતિ આઇટમની વાર્ષિક ખરીદી માટે એસ.ડી.પી.સી. ( સેક્રેટરીએટ ડીપાર્ટમેન્ટલ પરચેઝ કમિટિ ) કે જેના વડા સચિવ / અગ્ર સચિવ / અધિક મુખ્ય સચિવ કક્ષાના અધિકારી છે, તે મારફત થઇ શકશે. આવી સમિતિના અન્ય સભ્યોમાં સંબંધિત વહીવટી વિભાગના નાણાં સલાહકાર, સી.એસ.પી.ઓ. કચેરીના નાયબ ઉદ્યોગ કમિશ્નર (સ.ખ.) કે વર્ગ- ૧ થી નીચેની કક્ષાના નહીં તેવા અધિકારી, અને જે વિભાગ / ખાતાની ખરીદી હોય તે સંબંધિત વિભાગના સંયુકત સચિવ / નાયબ સચિવ / ખાતાના વડા આવી સમિતિના સભ્ય સચિવ તરીકેની કામગીરી કરશે. આવી સત્તા સુપ્રત થઇ શકશે નહીં. ખરીદવાની આઇટમ સંદર્ભમાં જરુરી જણાય તેવા ટેક્નીકલ, નિષ્ણાત જ્ઞાન ધરાવતા અધિકારીને ખાસ આમંત્રિત તરીકે બોલાવી શકાશે.

ઉપરાંત, આ સમિતિને રૂ. ૧૦ લાખ સુધીની સોલીટરી ઓફર અને રૂ. ૧૫ લાખ સુધીના રીપીટ ઓર્ડર મૂકવાની સત્તા રહેશે. રૂ. ૧૦ લાખ સુધીની ઇમરજન્સી પરચેજની મંજુરી આપી શકશે. ઇમરજન્સી પરચેજ માટે વિભાગના સચિવશ્રીનું તાત્કાલિક ખરીદી અંગેનું સર્ટીફીકેટ મેળવી ખરીદીની કાર્યવાહી કરવાની રહેશે.

(૩) વાર્ષિક રૂ. ૧૦૦/- લાખ (૧ કરોડ) થી વધુ રકમની પ્રતિ આઇટમની ખરીદી - સચિવોની ખરીદ સમિતિ (સેક્રેટરીઝ પરચેઝ કમિટિ) ની મંજુરીથી થઇ શકશે. જેમાં ડી.પી.સી. ખરીદીની નિયત ખરીદ પધ્ધતિ મુજબ ખરીદ પ્રક્રિયા અનુસરી, ખાતાની ડી.પી.સી.ના વડાના અભિપ્રાય સાથે અધિક ઉદ્યોગ કમિશ્નર ( સ.ખ.) મારફતે એસ.પી.સી. સમક્ષ રજુ કરવાનું રહેશે. આ સમિતિમાં સભ્ય સચિવ તરીકે અધિક ઉદ્યોગ કમિશ્નર અને સી.એસ.પી.ઓ. રહેશે. આમ, આ સુધારાથી એસ.પી.સી. નું માળખું નીચે પ્રમાણે રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | સંબંધિત વહીવટી વિભાગના સચિવ / અગ્ર સચિવ | - | સભ્ય |
| ૨. | ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવ / અગ્ર સચિવ | - | સભ્ય |
| ૩. | નાણાં વિભાગના સચિવ / અગ્ર સચિવ | - | સભ્ય |
| ૪. | સંબંધિત ખાતાની ડી.પી.સી.ના વડા | - | સભ્ય |
| ૫. | અધિક ઉદ્યોગ કમિશ્નર અને સી.એસ.પી.ઓ. | - | સભ્ય સચિવ |

(૪) એસ.પી.સી. રૂ. ૧૦ લાખથી ઉપરની સોલીટરી અને ઇમરજન્સી પરચેજ પ્રતિ આઇટમ, પ્રતિ વર્ષ માટે મંજુરી આપી શકશે. રૂ.૧૫ લાખ થી ઉપરની રીપીટ ઓર્ડર મૂકવાની સત્તા રહેશે.

(૫) દરેક વિભાગની ખરીદીની બેઠકમાં સી.એસ.પી.ઓ.ના અધિકારીની હાજરી અનિવાર્ય રહેશે.

(૬) દરેક વિભાગે સમિતિની રચનાની કામગીરી તા. ૩૧.૩.૨૦૦૩ સુધીમાં પુરી કરવાની રહેશે અને તા. ૧.૪.૨૦૦૩ થી ખરીદી અંગેના ડી.પી.સી.ના હુકમનું અમલીકરણ કરવાનું રહેશે.

(૭) સી.એસ.પી.ઓ એ રેટ કોન્ટ્રેક્ટને લગતી કામગીરી કરવાની રહેશે. કોઇપણ ડી.પી.સી. ભાવકરાર કરી શકશે નહીં. આ ઉપરાંત, સી.એસ.પી.ઓ. એ ખ્યાતનામ ઉત્પાદકો, સપ્લાયરોની યાદી તૈયાર કરી, જુદી જુદી આઇટમોની ખરીદ પધ્ધતિ અંગે એક્ષપર્ટ સંસ્થા તરીકેની કામગીરી બજાવવાની રહેશે. આ ઉપરાંત, દરેક ડી.પી.સી.એ ટેન્ડર એવોર્ડને લગતી માહિતી માસિક પત્રકમાં સી.એસ.પી.ઓ.ને મોકલવાની રહેશે. જે માહિતી સંકલિત કરી યથાપ્રસંગે ખરીદ સમિતિઓને જરૂરી માર્ગદર્શન પુરુ પાડવાની કામગીરી બજાવવાની રહેશે. ડી.પી.સી. ઇચ્છે તો માલસામાનના નિરીક્ષણ અને ચકાસણીમાં સી.એસ.પી.ઓ.ને સંયુક્ત નિરીક્ષક તરીકે સાથે રાખી શકશે.

દરેક ડી.પી.સી.એ આ વિભાગ દ્વારા નિયત થયેલ પ્રવર્તમાન ખરીદ નીતિ -૧૯૯૭ અને ખરીદ પ્રક્રિયા અંગે, ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ તા. ૫.૬.૬૪ અને વખતોવખતના સુધારા મુજબ તેમજ ગુજરાત નાણાંકીય નિયમો તથા આકસ્મિક ખર્ચના નિયમોની વખતોવખતની સંબંધિત સુધારાઓની જોગવાઇઓનો અમલ કરવાનો રહેશે. ઉપરાંત, હાલમાં અસ્તિત્વમાં છે તેવી વિભાગીય ખરીદ સમિતિઓ અને તેમને સુપ્રત નાણાંકીય સત્તાઓ સંબંધે આ ઠરાવમાં થયેલ જોગવાઇ અનુસાર તેટલા અંશે સુધારો થયેલ ગણાશે. સચિવાલયના વહીવટી વિભાગોએ ઘટતી કાર્યવાહી કરવાની થશે.

રીપીટ ઓર્ડર અને ઇમરજન્સી પરચેજમાં ખરીદીની પ્રક્રિયા ઝડપી બને તે માટે સચિવશ્રી કક્ષાની એસ.ડી.પી.સી. અને એસ.પી.સી. સમક્ષ ખરીદીના એજન્ડા સરકયુલેશનથી પણ રજુ કરી શકાશે. જરુર જણાયે બેઠક બોલાવવાની રહેશે.

આ હુકમો તા. ૧.૪.૨૦૦૩ ના રોજથી અમલી બનશે.

આ ઠરાવ બહાર પડે ત્યાં સુધીમાં જે ટેન્ડર્સ અંગેની કાર્યવાહી સી.એસ.પી.ઓ.ની કચેરીમાં માં પ્રક્રિયા હેઠળ છે તેની કામગીરી સી.એસ.પી.ઓ.ની કચેરીએ કરવાની રહેશે જયારે બાકી રહેતા ટેન્ડર્સ અંગેની કામગીરી સંબંધિત ડી.પી.સી.એ કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની ફાઇલ ક્રઃ ખરીદ-૧૦-૨૦૦૨-યુ.ઓ.-૨૪-ચ ઉપર નાણાં વિભાગની તા. ૭.૧૦.૨૦૦૨ ની અનુમતિ અનુસાર રવાના કરેલ છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.ડી.ભટ્ટ )
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

પ્રતિ,

- અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી (સ.ખ.), ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સચિવાલયના સઘળા વિભાગો.
- નાણાં વિભાગ ઝ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ.
- તાબાની કચેરીઓને જાણ કરવાની વિનંતી સહ.
- એકાઉન્ટન્ટ જનરલની કચેરી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ~~રાજકોટ~~. ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ.
- પસંદગી ફાઇલ.